# જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)
# જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) કરાર આધારિત ભરતી
# સમગ્ર શિક્ષા, વિધા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર 19 - ગાંધીનગર.

---

## (જ્ઞાન સહાયક યોજના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કરાર આધારિત ભરતી અંગેની જાહેરાત અન્વયે સુચનાઓ)

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૦/૦૭/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ(પા.ફા.) અને તા. ૦૬/૦૭/૨૦૨૬ સુધારા ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2023/2870/G અન્વયે સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક કરાર આધારિત ભરતી અંગેની જાહેરાત વર્ષ-૨૦૨૬ અન્વયે મેરીટના ધોરણે ભરવાપાત્ર જગ્યાઓની પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે ઉલ્લેખ કરેલ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે. આ લાયકાતો ફરજીયાતપણે માન્ય યુનિવર્સિટી/સંસ્થાઓમાંથી મેળવેલ હોવી જોઈએ. આ પ્રકારની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૪/૦૭/૨૦૨૬ બપોરના ૨.૦૦ કલાક થી 30/૦૭/૨૦૨૬ ૨૩:૫૯ કલાક સુધી https://gyansahayak.ssgujarat.org/ વેબસાઈટ પર જઈ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે. ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના તા.૦૬.૦૭.૨૦૨૬ ના ઠરાવ ક્રમાંકઃ ED/MIS/e-file/3/2023/2870/G અન્વયે ક્રમ-3 (૧) (૧) જ્ઞાન સહાયકોની સેવાકીય વિગતો અંતર્ગત શૈક્ષણિક લાયકાત માટે આ જાહેરાતથી બીજા તબક્કામાં દ્વિસ્તરીય TAT (માધ્યમિક) અને TAT (ઉચ્ચત્તર માધ્યમિક) અને અન્ય તમામ જૂની TAT પાસ કરેલ ઉમેદવાર અરજી કરી શકશે. બીજા તબક્કામાં ખાલી જગ્યાના પ્રમાણમાં જ્ઞાન સહાયકોની શૈક્ષણિક લાયકાત મુજબના કોઇ પણ વર્ષમાં TAT પાસ કરેલ ઉમેદવારો અને ત્યારબાદ જગ્યાઓ ખાલી હશે તો છેલ્લા તબકકામાં માધ્યમિક વિભાગ માટે શૈક્ષણિક સ્નાતક તેમજ વ્યાવસાયિક સ્નાતક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે શૈક્ષણિક અનુસ્નાતક તેમજ વ્યાવસાયિક સ્નાતકની લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજી મંગાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

### અરજી કરતા પૂર્વે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

1) <u>શૈક્ષણિક લાયકાત અને વ્યાવસાયિક લાયકાત:-</u>

- સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક કરાર આધારિત ભરતી માટે લેવાયેલ વિવિધ વિષયો તથા માધ્યમની શિક્ષક અભિરૂચિ કસોટી માધ્યમિક (TAT-S) અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક અભિરૂચિ કસોટી માધ્યમિક (TAT-HS) પરીક્ષા લેવામાં આવેલ છે. તે પૈકી જે ઉમેદવારે જે માધ્યમ અને વિષયની કોઇપણ વર્ષમાં TAT પરીક્ષા પાસ કરેલ હોય તે જ વિષય અને માધ્યમ માટે ઉમેદવારી નોંધાવી શકશે. તેમજ તે જ વિષયમાં તેઓએ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત મેળવેલી હોવી જોઇશે.

- ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ(પા.ફા.) અને તા. ૦૬/૦૭/૨૦૨૬ સુધારા ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2023/2870/G અનુસાર શરત જ્ઞાન સહાયક માધ્યમિક માટે પસંદગી યાદી ઉમેદવારના શિક્ષક અભિરૂચિ કસોટી માધ્યમિક (TAT-S) માં મેળવેલ ગુણના આધારે તેમજ જ્ઞાન સહાયક ઉચ્ચતર માધ્યમિક માટે પસંદગી યાદી ઉમેદવારના શિક્ષક અભિરૂચિ કસોટી માધ્યમિક (TAT-HS) માં મેળવેલ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે. TAT માટેની લાયકાતના વખતોવખતના ઠરાવ પોર્ટલ પર મુકેલ છે.
- ઉમેદવાર સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં જ્ઞાન સહાયકની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક માટે કરાર આધારિત નિમણૂક માટેની ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત અને વ્યવસાયિક લાયકાત ધરાવતો હોવો જોઇએ.

2) જિલ્લા પસંદગી અને સ્થળ ફાળવણી :-

- ઉમેદવાર અરજી કરતા સમયે જે જિલ્લામાં જ્ઞાન સહાયક તરીકે જોડાવા ઈચ્છે છે તે મુજબ જિલ્લા પસંદગી કરવાની રહેશે. જેમાં ઉમેદવારને કોઇપણ એક જિલ્લો પસંદ કરવાનો રહેશે.
- ઉમેદવારોએ જે વિષય અને માધ્યમની પરીક્ષા પાસ કરેલ હોય તે જ વિષય અને માધ્યમની જગ્યાઓ માટે જિલ્લો પસંદ કરવાનો રહેશે.
- ઉમેદવારોએ કરેલ જિલ્લા પસંદગીના આધારે જિલ્લાવાર મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે.
- અરજી સમયે પસંદ કરેલ જિલ્લામાં શાળા ફાળવણી ન થઇ શકે તો બાકી ઉમેદવારે અન્ય જિલ્લો પસંદ કરી શકશે. આ માટે ઠરાવમાં દર્શાવેલ જોગવાઇ મુજબ નીચે આપેલ કોષ્ટક મુજબ પ્રક્રિયા કરવાની રહેશે.

| **ક્રમ** | **દિવસ** | **પ્રક્રિયા** |
|---|---|---|
| ૧ | પ્રથમ | પ્રથમ યાદીમાં સમાવિષ્ટ દ્વિસ્તરીય TAT (માધ્યમિક) અને TAT (ઉચ્ચતર માધ્યમિક)માં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારો દ્વારા પસંદગી કરવાની રહેશે. તે જ દિવસે પસંદગી માટે બાકી રહેલ જગ્યાઓની યાદી જિલ્લાઓએ સમગ્ર શિક્ષા કચેરીને મોકલવાની રહેશે તેમજ સમગ્ર શિક્ષાની કચેરીએ ઓનલાઇન દર્શાવવાની રહેશે. |
| ૨ | પ્રથમ દિવસે રાત્રે ૨૨:૦૦ થી બીજા દિવસે સાંજે ૧૭:૦૦ કલાક સુધી | પ્રથમ યાદીમાં જિલ્લામાં બાકી રહી ગયેલ ઉમેદવારો જો ઇચ્છે તો અરજી એડીટ કરી બીજો જિલ્લો પસંદ કરી શકશે તેમજ બીજા દિવસે પસંદ કરેલ જિલ્લામાં બિનચૂક હાજર રહેવાનું રહેશે. સાંજે સુધારેલ પ્રથમ યાદી સમગ્ર શિક્ષા કચેરીએ દરેક જિલ્લાને મોકલી આપવાની રહેશે. |

| | | |
|---|---|---|
| ૩ | ત્રીજો દિવસ | જિલ્લામાં બાકી રહેલ જગ્યાઓ પર સૌપ્રથમ મેરીટ મુજબ સુધારેલી પ્રથમ યાદીના ઉમેદવારોને સ્થળ પસંદ કરવાની તક આપવાની રહેશે. ત્યારબાદ પહેલેથી બનેલ બીજી યાદીના ઉમેદવારોએ શાળા પસંદ કરવાની રહેશે. |
| ૪ | ત્રીજા દિવસે રાત્રે ૨૨:૦૦ થી ચોથા દિવસે સાંજે ૧૭:૦૦ કલાક સુધી | શાળા પસંદગીમાં બાકી રહી ગયેલ પ્રથમ અને દ્વિતિય યાદીના ઉમેદવારો પુન: જિલ્લો બદલી શકશે તેમજ ચોથા દિવસે પસંદ કરેલ જિલ્લામાં બિનચૂક હાજર રહેવાનું રહેશે. સાંજે સુધારેલ પ્રથમ તેમજ દ્વિતિય ઉમેદવારોની યાદી સમગ્ર શિક્ષા કચેરીએ દરેક જિલ્લાને ઓનલાઇન મોકલી આપવાની રહેશે. |
| ૫ | પાંચમો દિવસ | જિલ્લામાં બાકી રહેલ જગ્યાઓ પર સૌપ્રથમ મેરીટ મુજબ સુધારેલી પ્રથમ યાદીના ઉમેદવારોને સ્થળ પસંદ કરવાની તક આપવાની રહેશે. ત્યારબાદ સુધારેલી બીજી યાદીના ઉમેદવારોને શાળા પસંદગીની તક આપવાની રહેશે. છેલ્લે પહેલેથી બનેલી ત્રીજી યાદીના ઉમેદવારોએ શાળા પસંદ કરવાની રહેશે. |
| ૬ | છઠ્ઠા દિવસે સવારે ૧૦:૦૦ કલાકથી સાતમા દિવસે સવારે ૧૦:૦૦ કલાક સુધી | સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શાળા પસંદગીમાં બાકી રહેતા ઉમેદવારો અંતિમ ક્યા જિલ્લામાં વેઇટીંગ લીસ્ટમાં રહેવા માગે છે તે જિલ્લો પસંદ કરવાનો રહેશે. સમગ્ર શિક્ષાની કચેરીએ આ વેઇટીંગ લિસ્ટ ઓનલાઇન માધ્યમથી તમામ જિલ્લાઓને મોકલી આપવાનું રહેશે. તેમજ વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવાનું રહેશે. |

- જિલ્લા ફેરબદલ કરવાની અને બદલાયેલ જિલ્લામાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે ઉપસ્થિત રહેવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે.
- સમગ્ર શિક્ષા દ્વારા જિલ્લાવાર મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. મેરીટ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવાર માટે ડોક્યુમેન્ટ વેરીફીકેશન અંગેની સુચના વેબસાઇટ પર મુકવામાં આવશે. નિયત કરવામાં આવેલ સમયગાળામાં ઉમેદવારોએ ડોક્યુમેન્ટ વેરીફીકેશન ફરજીયાત કરાવવાનું રહેશે.
- જિલ્લાવાર મેરીટ યાદી તૈયાર કરી જિલ્લા કક્ષાએ ઉપલબ્ધ કરવામાં આવશે. જેના આધારે જિલ્લામાં વિષયવાર અને માધ્યમવાર ખાલી જગ્યાઓ પર જરૂર મુજબ ઉમેદવારોને બોલાવવામાં આવશે અને સ્થળ પસંદગી કરવાની રહેશે.
- ઉમેદવારે પસંદ કરેલ નવા જિલ્લાની મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે. જેના આધારે મેરીટ મુજબ શાળા ફાળવણી કરવામાં આવશે. (સુધારા ઠરાવમાં કરેલ જોગવાઇ અન્વયે)

- જિલ્લાવાર તૈયાર કરેલી મેરીટ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવાર માટે ડોક્યુમેન્ટ વેરીફીકેશન અને સ્થળ પસંદગી અંગેની સુચના જિલ્લા કક્ષાએથી આપવામાં આવશે. નિયત કરેલ સમયગાળામાં ઉમેદવારોએ ડોક્યુમેન્ટ વેરીફીકેશન અને સ્થળ પસંદગી ફરજીયાત કરાવવાનું રહેશે.
- ઉમેદવારોએ અરજી સાથે દર્શાવેલ લાયકાત મુજબના ડોક્યુમેન્ટસ સ્થળ પસંદગી અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમયે રજુ કરવાના રહેશે. જો ઉમેદવાર યોગ્ય આધાર પૂરવા સાથે ડોક્યુમેન્ટ રજૂ ના કરી શકે તો તેમને શાળા ફાળવણી થઇ શકશે નહી જેની ખાસ નોંધ લેશો.
- જિલ્લાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટરની યાદી વેબસાઇટ પર મુકેલ છે.

**3) <u>ઉચ્ચક માનદ વેતન (માસિક):-</u>**

- સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક ઉચ્ચતર માધ્યમિક (કરાર આધારિત) માટે માસિક ફીક્સ <u>રૂા.૨૬,000/-</u> ઉચ્ચક માનદ વેતન મળવાપાત્ર થશે. તેમજ જ્ઞાન સહાયક માધ્યમિક (કરાર આધારિત) માટે માસિક ફીક્સ <u>રૂા.૨૪,000/-</u> ઉચ્ચક માનદ વેતન મળવાપાત્ર થશે.

**4) <u>વયમર્યાદા:-</u>**

- ઉમેદાવારની મહત્તમ વયમર્યાદા (અરજીની તારીખે) જ્ઞાન સહાયક માધ્યમિક (કરાર આધારિત) ૪૮ વર્ષ અને જ્ઞાન સહાયક ઉચ્ચતર માધ્યમિક (કરાર આધારિત) માટે ૫0 વર્ષ રહેશે.

**5) <u>ભરવાપાત્ર જગ્યાઓ:-</u>**

- જે તે જિલ્લામાં સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ અને મોડેલ તથા મોડેલ ડે શાળાઓની જિલ્લાવાર માધ્યમ અને વિષયવાર ભરવાપાત્ર જગ્યાઓની વિગતો વેબસાઇટ પર દર્શાવવામાં આવશે.
- સદર જાહેરાતમાં દર્શાવેલ પૈકી કોઇપણ જગ્યાઓ ફેરફારને આધીન છે. કોઇપણ ખાલી જગ્યા રદ કરવા અંગેનો સરકારશ્રીનો નિર્ણય આખરી રહેશે.

**6) <u>કરારનો સમયગાળો</u>**

- જ્ઞાન સહાયક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ની કામગીરીનો કરાર ૧૧ માસ સુધીનો રહેશે. ૧૧ માસનો કરારનો સમય પૂર્ણ થતાં કરાર આપોઆપ રદ થયેલ ગણાશે. શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયેથી (વર્ષના અંતિમ દિવસે) કરાર આપોઆપ રદ ગણાશે.

**7) <u>અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની અગત્યની સુચનાઓ:-</u>**

1. અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.

2. લાયકાત ધરાવતા ઉમેદવારો સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક (કરાર આધારિત) ભરતી માટે તા.૨૪/૦૭/૨૦૨૬ બપોરના ૨.૦૦ કલાક થી 30/૦૭/૨૦૨૬ ૨૩:૫૯ કલાક સુધી https://gyansahayak.ssgujarat.org વેબસાઇટ પર જઇ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

3. ઓનલાઇન અરજી કરવામાં ઉમેદવાર પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહી જેથી કાળજીપૂર્વક ઓનલાઇન અરજી કરવાની રહેશે.

4. માત્ર અને માત્ર ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી અને રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહી.

5. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી શરૂ રાખવો. જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

6. ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની ફાઇનલ પ્રિન્ટ આ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી, જરૂર પડેથી રજુ કરવાની રહેશે.

7. આ જાહેરાતનો હેતુ હાલ માત્ર પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાનો છે. જેથી આ ફોર્મ ભર્યેથી નોકરી મળી જ જશે તેવુ માનવું નહી.

8. સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક (કરાર આધારિત) ભરતી સંબંધે તમામ સુચનાઓ/વિગતો વખતોવખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઇટ પર મુકેલ કોઇપણ સુચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઇપણ તબક્કે સામેલ ન થઇ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઇ લેખિત કે મૌખિક રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

**9. ગુણાંકન દર્શાવવા અંગેની સુચનાઓ**

કુલ ગુણ અને મેળવેલ ગુણની ગણતરી બાબતે જુદી જુદી યુનિવર્સિટીઓ અને એક જ યુનિવર્સિટીના જુદા જુદા વર્ષના વિધાર્થીઓના કિસ્સામાં અલગ અલગ પદ્ધતિઓ હોઇ તમામ વિધાર્થીઓના કિસ્સામાં એકસુત્રતા જળવાઇ રહે અને કોઇપણ ઉમેદવારને અન્યાય ન થાય તેવા હેતુથી કુલ ગુણ અને મેળવેલ ગુણ બાબતે નીચે મુજબનો નિર્ણય કરેલ છે.

- ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફોર્મમાં તેઓની માર્કશીટમાં આપેલ કુલ ગુણ અને મેળવેલ ગુણજ દર્શાવવા, જો લાયકાતની માર્કશીટમાં કુલ ગુણ તથા મેળવેલ ગુણ આપેલ ન હોય અને ફક્ત CGPA/CPI/GRADE આપેલ હોય તેવા ઉમેદવારોએ પોતાની માર્કશીટમાં દર્શાવેલ વિગત પસંદ કરી ભરવાની રહેશે.

દા.ત. કોઇ ઉમેદવારની માર્કશીટમાં CGPA દર્શાવેલ છે તો કુલ અને મેળવેલ CGPA ની વિગતો દર્શાવવાની રહેશે.

10. કમ્પ્યુટર જાણકારી અંગેનું પ્રમાણપત્ર

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૦૮ના ઠરાવ મુજબ કમ્પ્યુટરની બેઝિક જાણકારી અંગેનુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

11. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ ભરતીના જે તે તબક્કે માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. રજૂ ન કરી શકનાર ઉમેદવારોની નિમણૂક જે તે તબક્કે રદ કરવામાં આવશે.

12. જે ઉમેદવાર જ્ઞાન સહાયક તરીકે કાર્યરત છે અથવા ફરજ બજાવેલ છે તે ઉમેદવારોએ પોતે બજાવેલ કામગીરી અંગે સંતોષકારક કામગીરી બાબતનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

13. જો ઉમેદવાર જ્ઞાન સહાયક તરીકે હાલ જે શાળામાં કાર્યરત છે તે ઉમેદવારને અન્ય શાળામાં જ્ઞાન સહાયક તરીકે જવાનું થાય છે તે કિસ્સામાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમયે હાલની શાળામાંથી કરાર સમાપ્તિનો પત્ર રજુ કરવાનો રહેશે.

14. કોઈ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજુ કરશે કે દસ્તાવેજો સાથે ચેડાં કરીને રજુ કરવામાં આવશે તો તેમની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે.

15. જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠરાવવામાં આવશે. સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરાર આધારિત જ્ઞાન સહાયક અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધૂરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઈ પણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઈપણ પ્રકારની અરજી/રજુઆત સ્વીકારવામાં આવશે નહીં.

16. સાચી માહિતી આપવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે અને કોઈપણ સંજોગોના કારણે કોઈપણ સંજોગોમાં આપેલ માહિતી ખોટી, અધૂરી કે ભૂલભરેલી હશે તેના કારણે ઉમેદવારની પસંદગી ન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. જો માહિતી ખોટી, અધૂરી, ભુલભરેલી હશે તો અરજી રદ થયેલી ગણાશે. અને આવા ઉમેદવારને ભવિષ્યમાં પાંચ વર્ષ માટે ઉમેદવારી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

17. અરજદારે પોતાનું ઇ-મેઈલ આઇ.ડી. અને મોબાઇલ નંબર ફરજીયાત આપવાના રહેશે અને ભરતી અંગેની પ્રક્રિયાની વખતો-વખતની જાણ અરજદારને એસ.એમ.એસ.થી કરવામાં આવશે. અને આ બાબતે અરજદારે એસ.એમ.એસ.ની ચકાસણી કરવાની રહેશે.

18. અરજદારે જે ફોર્મ ભરેલ છે તેની પ્રિન્ટ લઈ, તેના દરેક પાનાં પર સહી કરવાની રહેશે. અને જ્યારે જરૂર પડે ત્યારે રજુ કરવાની રહેશે.

19. જે ઉમેદવાર રાજય બહારની યુનિવર્સિટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાતના પ્રમાણપત્ર ધરાવતાં હશે તેઓને નિમણૂક આપતાં પહેલાં અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ નિમણૂક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

20. આ સમગ્ર ભરતી પ્રક્રિયા બાબતે સરકારશ્રીનો નિર્ણય આખરી ગણાશે.